**રાજ્યમાં શોપીંગ મોલની સુરક્ષા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૮/૧૦/૨૦૧૩.

<u>પરિપત્ર</u>:-

તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટાપાયે જાનમાલની ખુંવારી થયેલ, જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. આ બનાવના અનુસંધાનમાં ગુજરાત રાજ્યમાં વિવિધ શહેરો તેમજ જિલ્લા/તાલુકા કક્ષાએ આવેલ શોપીંગ મોલની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા બાબતે જરૂરી ચર્ચા-વિચારણા માટે અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગના અધ્યક્ષપણા હેઠળ ઉચ્ચકક્ષાની બેઠક યોજાયેલ હતી. સમગ્ર રાજ્યમાં શોપીંગ મોલની સુરક્ષા સુદ્રઢ રીતે જળવાય તે માટે નીચે મુજબની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા સંદર્ભે જરૂરી પગલાં લેવા જે તે જિલ્લા/શહેરના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે:-

**(i) Electronic Checks:**

દરેક મોલમાં સામાન્ય રાતે એન્ટ્રી ગેટ ઉપર CCTV કેમેરા લગાડેલા હોય છે. જયારે મોલના Exit ગેટ તેમજ મોલની પાછળના વિસ્તારમાં CCTV કેમેરા લગાડેલા હોતા નથી. આથી મોલની સુરક્ષાનો હેતું યોગ્ય રીતે જળવાતો નથી. આ સંજોગોમાં દરેક મોલના એન્ટ્રી ગેટના વિસ્તારમાં તેમજ Exit ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર CCTV કેમેરા સહિતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

**(ii) Visitors' Checks :**

મોલની અંદર દાખલ થતા વાહનો (મોટરકાર/ટુ વ્હીલર વગેરે)નું ચેકિંગ કરવામાં આવે છે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેઠલ વ્યક્તિઓનું ચેકિંગ પણ સંપૂર્ણપણે કરવાનું જરૂરી છે. જેથી આ પ્રમાણેની કાર્યવાહી કરવા સંબંધિતને સૂચના આપવામાં આવે.

**(iii) Owners' Checks:**

મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જયારે જયારે મોલની માલિકી બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા જરૂરી તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગેના નિયમો બનાવવા, તેમજ માલિકી ફેરબદલી અંગેની જાણ સંબંધિત પોલીસ કમિશ્નરશ્રી/ પોલીસ અધિક્ષકશ્રીને તે અંગેની જાણ કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા goods નું પણ checking થવું જરૂરી છે. મોલમાં કોઈ કાયદાથી

પ્રતિબંધિત માલ-સામાન સ્ફોટક પદાર્થો આવી જતા નથી. તેનું નિરિક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગે પણ કાળજી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની સૂચના મોલ સંચાલકોને આપવી.

**(iv) Security Checks:**

મોલમાં મોલ માલિકના ખર્ચે ખાનગી Security રાખવી અનિવાર્ય રહેશે. તેઓ Security Check ના નિયમોથી માહિતગાર હોવા જોઈએ તથા આ અંગે તાલિમબધ્ધ થયેલ હોવા જોઈએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલિકોની રહેશે. મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફ્ત ઉભી કરવાની સૂચના મોલના માલિકોને આપવાની રહેશે.

જે તે જિલ્લા/શહેરના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી તરફથી જાહેરનામુ પ્રસિધ્ધ કરી આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરાવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડયા)**
ઉપ સચિવ(કા×વ્ય)
ગૃહ વિભાગ

<u>નકલ રવાના:-</u>

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(કા×વ્ય), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કા×વ્ય), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ/વડોદરા/સુરત/વડોદરા.